# માન. પંચાયતમંત્રીશ્રી સ્પીચ

માનનીય અદ્યક્ષશ્રી, માન.રાજ્યપાલશ્રી, ગુજરાતના ૧૫મી વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહ સમક્ષ રજૂ કરેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના બિનસરકારી સંકલ્પ પરની ચર્ચામાં મને વક્તવ્ય રજૂ કરવાની જે તક મળી છે એ ગૌરવવંતા પ્રસંગ બદલ ગૃહના નેતા, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબનો હ્રદયપૂર્વક આભાર માનુ છું. માનનીય અદ્યક્ષશ્રી, વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત હાથ ધરાયેલ મારા પંચાયત વિભાગની, રાજ્ય સરકારશ્રીની કામગીરીને જે જે માનનીય સભ્યશ્રીઓએ બિરદાવી છે, સૂચનો કર્યા છે, સમર્થન આપ્યુ છે, એવા રચનાત્મક સૂચનોને હુ આવકારૂ છું તથા આ તબક્કે ચર્ચામાં ભાગ લેનાર સર્વે માનનીય સભ્યશ્રીઓનો હ્રદયપૂર્વક આભાર માનું છું.

## વિકસિત ભારત સંકલ્પ યાત્રા

માન.અધ્યક્ષશ્રી..

વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સુદ્રઢ અને દૂંરદેશી નેતૃત્વમાં આજે ભારત આત્મવિશ્વાસથી પરિપૂર્ણ **‘એક ભારત શ્રેષ્ઠ ભારત’** ના નાદ સાથે વૈશ્વિક

નેતૃત્વ કરી રહયું છે. છેલ્લા નવ વર્ષોની અકલ્પનીય અને અવિસ્મરણીય ઉપલબ્ધિઓ અને દયાનાકર્ષક પરિવર્તનો સાથે વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં સ્થાન બનાવી ચૂકયું છે. વિશ્વના કોઈ પણ દેશ પર આવી પડેલી વિનાશક ભૂકંપ જેવી કુદરતી આપતિ હોય કે ‘કોવિડ–૧૯ ‘જેવી વૈશ્વિક ભયાનક મહામારી હોય, ભારત તેની **‘‘વસુધૈવ કુટુમ્બકમ’’** ની સંસ્કારીતાના માર્ગે અગ્રેસર થઈ વિશ્વબંધુત્વની મહેંક પ્રસરાવી છે.સંકટ સમયે ખભેખભા મિલાવીને ઉભા રહેલા ભારતના નેતૃત્વની વિશ્વ આખાએ ભરપૂર પ્રશંસા કરી છે.

માનનીય અદયક્ષી

દેશની આઝાદીના ૭૫ વર્ષ પછી કળીયુગના ૪ લાખ ૭૨ હજાર વર્ષ પછી યુગના અંત સમયે આ દેશને સને.૧૯૪૭માં આઝાદી મળ્યાથી પ્રથમ વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુથી માંડીને શ્રી મનમોહન સિંહ સુધીના એમ કુલ ૧૪ વડાપ્રધાન પ્રાપ્ત થયેલ છે. જે પૈકી હાલના આપણા યશસ્વી વડાપ્રધાન શ્રી નેરન્દ્રભાઇ મોદી એક વિશ્વ નેતા તરીકે ઉભરી આવેલ છે. જે ભારતને વિશ્વનું ગુરુ બનાવવા તરફ આગળ વધારી રહયાં છે.

માન.અધ્યક્ષશ્રી...

આજે દેશ અનુભવી રહયો છે કે, જયાં બીજાની આશા પૂરી થાય છે, ત્યાંથી **"મોદી ગેરંટી"** શરૂ થાય છે.

વિકસીત ભારતના સંકલ્પનો વિચાર જેઓએ દેશ સમક્ષ મુકયો તેને પુરા ભારત દેશની જનતાએ સ્વીકાર્યો છે.

માન. અધ્યક્ષશ્રી ...

આ દેશની આઝાદીની ચળવળમાં ખપી જનાર ભગવાન બીરસામુંડા ની જન્મ ભૂમી ઝારખંડની ધરતી ઉપરથી વિકસીત ભારત સંકલ્પ યાત્રા(**"મોદી ગેરંટી"**)ની શરૂઆત માન. નરેન્દ્રભાઇ મોદી સાહેબના વરદ હસ્તે તા.૧૫મી નવેમ્બર –૨૦૨૩ ના રોજ કરવામાં આવી હતી.

માન. અધ્યક્ષશ્રી

ગુજરાતમાં પણ તેજ દિવસે એટલે કે તા.૧૫મી નવેમ્બર –૨૦૨૩ ના રોજ આદિજાતી બાહુબલ્ય ધરાવતા ૮ જિલ્લા ઓમાં ૧૯ રથથી શરૂઆત કરવામાં આવી હતી તેમાં સાબરકાંઠા ના અંબાજી ખાતે થી જગત જનની માં

અંબાના આશિર્વાદથી માનનીય, મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજયના મૃદુ અને મકકમ એવા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ સાથે મારુ પણ સદ નસીબ હતું આ વિકસીત ભારત સંકલ્પ યાત્રા ની શરૂઆત કરવામાં

**માન. અદયક્ષશ્રી ..**

૧૯ રથથી શરૂ કરેલી વિકસીત ભારત સંકલ્પ યાત્રા ગુજરાતના વિકાસની આ વણથંભી સફર **૩૩** જીલ્લાના **૨૪૮** તાલુકા અને **૧૪૬૨૮** ગામો સુધી કુલ **૨૨૫** રથોના માદ્યમથી અત્યાર સુધી **૬૧,૯૨,૫૮૯** લોકોએ યાત્રા માં ભાગ લઈ પરિવર્તન, પરિણામ અને પ્રગતિની લહેર ફેલાવી ચૂકી છે અને સફરમાં હજુ પણ વધુ સીમાચિહ્ન સર કરવા સતત કૂચ કરી રહી છે.

આજે દેશમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં મોદીની ગૅરેન્ટીની ખૂબ ચર્ચા થઈ રહી છે. પણ મોદીની ગૅરંટીનો અર્થ શું? આખરે, સરકાર મિશન મોડ પર દેશના દરેક લાભાર્થી સુધી પહોંચવા માટે આટલી મહેનત કેમ કરે છે? શા માટે આખી સરકાર નાગરીકોની સેવા માટે રાત–દિવસ મહેનત કરી રહી છે? સરકારી યોજનાઓની સંતૃપ્તિ અને વિકસિત ભારતના નિર્ધારણ વચ્ચે શું સંબંધ

છે? આપણા દેશમાં ઘણી પેઢીઓ ગરીબીમાં જીવી છે, તેમનું જીવન અધૂરા સપનાઓ સાથે મર્યાદિત હતું. તે અછતને પોતાનું ભાગ્ય માનતો હતો અને ગરીબીમાં પોતાનું જીવન જીવવા મજબૂર હતો. નાની જરૂરિયાતો માટેના આ સંઘર્ષનો સૌથી વધુ સામનો દેશના ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનોએ કર્યો છે. અમારી સરકાર ઈચ્છે છે કે વર્તમાન અને ભાવિ પેઢીએ એવું ન જીવવું જોઈએ, તમારે તમારા પૂર્વજોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો, તમારા વડીલોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તે મુશ્કેલીઓનો સામનો કરવો ન જોઈએ, આ હેતુ માટે અમે ખૂબ મહેનત કરી રહ્યા છીએ. અમે દેશની મોટી વસ્તીને નાની દૈનિક જરૂરિયાતો માટેના સંઘર્ષમાંથી બહાર કાઢવા માંગીએ છીએ. તેથી, અમે ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનોના ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અને અમારા માટે આ દેશની ચાર સૌથી મોટા વર્ગો છે. જ્યારે ગરીબો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો, મારા આ ચાર વર્ગો જ્યારે મજબૂત બનશે, ત્યારે ભારત મજબૂત બનશે તે નિશ્ચિત છે. **‘સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ’** મંત્રએ ભારતીય જનમાનસમાં

રાષ્ટ્રભાવનાને પુનજાગૃત કરી છે. સાથે જ દેશના વિકાસને અગ્રેસર કરવા પોલિટીકસ વિથ પરફોર્મન્સના નવા માપદંડ સાથે દેશની સરકારે સુશાસનની સાથે દેશના વિકાસની ગતિને તીવ્ર વેગવંતી બનાવી છે.ભારત તેના વિરાટ લક્ષ્યોને આંબી રહયું છે.

માન.અધ્યક્ષશ્રી...

'મોદીની ગેરેટીં' એટલે ગેરેંટી પુરી થવાની ગેરેંટી

- ભારત બનશે ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા
- અયોધ્યામાં ભવ્ય અને દિવ્ય રામમંદિરનું નિર્માણ
- ૨૦૪૭ સુધી ભારત બનશે વિકસીત રાષ્ટ્ર
- ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લહેરાયો ભારતનો તિરંગો
- ૪ કરોડ પરિવારોને મળ્યુ પાકું મકાન
- ૮૦ કરોડ નાગરિકોને મળ્યુ નિ:શુલ્ક અનાજ
- ૧૦ કરોડ પરિવારોને મળ્યુ ગેસ કનેકશન
- ૧૪ કરોડથી વધુ ઘરોને મળ્યુ નળ થી શુધ્ધ જળ
- ૫૦ કરોડ લોકોને મળી ૫ લાખ સુધીની નિ:શુલ્ક સારવારની ગેરંટી
- ૫૧ કરોડથી વધુ નાગરીકો બેન્કિંગ સિસ્ટમ સાથે જોડાણ,

- જન ઔષધિ કેન્દ્રો દ્વારા મળી સસ્તી અને ઉત્તમ દવાઓ
- જી૨૦ સમિટ દ્વારા વિશ્વમાં વધ્યુ ભારતનું નામ
- કોરોનાકાળમાં દરેક નાગરિકને મળી નિ:શુલ્ક વેક્સિન
- ભારતને મળી આધુનિક વંદે ભારત રેલ્વે
- ધાર્મિક અને પૌરાણિક સ્થળોનું થયું પુનરુત્થાન

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ગરીબ, શોષિત, પીડિત અને વંચિત વર્ગના કલ્યાણ માટે તથા મહીલાઓ અને દિવ્યાંગોના સશકિતકરણ માટે અનેક પ્રકારે પ્રયત્નશીલ છે. ગ્રામીણો, ખેડુતો અને મજુરોના જીવન ઉત્કર્ષ માટેના સરકારના અભિનવ પ્રયત્નોથી એમનું જીવન ધોરણ ઉચું આવ્યું છે. સરકારના આ પ્રયત્નોને પરિપુર્ણ કરવા **વિકસિત ભારત સંકલ્પ યાત્રા**નુ આયોજન કરવામાં આવેલ છે.

‘‘એક સંકલ્પ કરીએ પ્રામાણિક અને દ્રઢ નિર્ધાર
વિકસિત ભારતના સ્વપ્નને કરીશું સાકાર!’’

અને આ સંકલ્પ એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા...

ભારતના દીર્ઘદષ્ટા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ સેવેલું આવતીકાલના ભારતનું એક સ્વપ્ન...

જેને સફળ વાસ્તવિકતામાં પલટવા માટે અગ્રેસર રહ્યાં છે. દેશના માનનીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ...

અને જેમની સાથે જોડાયું આખું ભારત!

આ સંકલ્પની સફળતાને સુનિશ્ચિત કરવામાં આગવી પ્રતિબદ્ધતા દાખવી ગુજરાતે.... અને માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પરિવર્તનશીલ અને પરિણામલક્ષી નેતૃત્વ હેઠળ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને ગુજરાતના ખૂણે ખૂણેથી પ્રજાજનોએ ઉમળકાથી વધાવી.

માન.અધ્યક્ષશ્રી...

વિકસિત ભારત સંકલ્પયાત્રાના કાર્યક્રમોમાં મેં પણ કુલ **૪૨** કાર્યક્રમોમાં ભાગ લઈ સરકારના ભગીરથ પ્રયત્નોમાં મારુ યોગદાન આપ્યું છે. જેમાં મારા વતન દાહોદ જિલ્લામાં અને છોટાઉદેપુર જિલ્લામાં તેમજ મારા પ્રભારી જિલ્લાઓ મહીસાગર અને અરવલ્લી જિલ્લાના કાર્યક્રમોમાં સહભાગી થવાનો મને મોકો મળેલ છે.

માન.અધ્યક્ષશ્રી..

ગુજરાતના 8 આદિવાસી જિલ્લાઓથી ૧૯ રથોથી શરૂ થયેલ પ્રગતિલક્ષી પરિવર્તનની આ ગાથામાં ગુજરાતના તમામ ગામો અને શહેરો જોડાયાં.... કારણ કે તેના પાયામાં હતી એક પ્રામાણિક ભાવના કે જેનાથી કેન્દ્ર સરકારની

આરોગ્યલક્ષી, વિકાસલક્ષી અને પ્રગતિલક્ષી યોજનાઓ અને તેમના લાભ 100% લાભાર્થીઓ સુધી પહોંચે.

માન.અધ્યક્ષશ્રી...

❖ કેન્દ્ર સરકાર પુરસ્કૃત પ્રજા કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ પાત્રતા ધરાવતા તમામ લાભાર્થી/નાગરિકો સુધી પહોંચાડી શકાય તથા યોજનાઓની છેવાડાનાં નાગરિકો સુધી જાગૃતિ આવે અને વંચિત લાભાર્થીઓને આવી યોજનાઓનો લાભ આપી શકાય તેવા ઉદ્દેશ્ય સાથે ભારત સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા–૨૦૨૩ નું આયોજન કરવામાં આવેલ હતુ. રાજ્યમાં આ કાર્યક્રમ અંદાજિત તા.૨૫/૦૧/૨૦૨૪ સુધી ચાલુ રહેલ હતી. સમગ્ર રાજ્યનાં ૩૩ જિલ્લાઓ તેમજ ૧૪૬૧૯ ગ્રામ પંચાયતોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ **"મોદીની ગેરંટી"** વાળી ઈન્ફોર્મેશન એજયુકેશન એન્ડ કોમ્યુનિકેશન વાન સાથે પુર્ણ થયેલ છે. તમામ ગ્રામ પંચાયતો ખાતે મોદીની ગેરંટી વાળી ઈન્ફોર્મેશન એજયુકેશન એન્ડ કોમ્યુનિકેશન વાનનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવેલ છે તેમજ વિશાળ જનસમુદાય દ્વારા રાજ્યની જુદી–જુદી ગ્રામપંચાયત ખાતે આ કાર્યક્રમમાં

ઉત્સાહપૂર્વક ભાગ લેવામાં આવેલ હતો અને ભારત દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ લેવામાં આવેલ હતો.

❖ માન.પ્રધાનમંત્રીશ્રી દ્વારા આ કાર્યક્રમ દરમિયાન સમયાંતરે લાભાર્થીઓ સાથેનાં સીધા સંવાદ તથા જીવંત પ્રસારણ થકી તેમના ઉદબોધનમાં સરકારી યોજનાઓથી વંચિત લાભાર્થીઓને યોજનાઓનાં લાભ પહોંચાડવા ઉપસ્થિત લોકોને આહવાન કરવામાં આવેલ છે. તથા કેન્દ્ર સરકારની યોજનાઓનો લાભ મહત્તમ કક્ષા પર લાવવા ભાર મુકવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી..

❖ માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા ગુજરાતમાં કુલ ૯ વખત અત્યાર સુધી વન વે કનેક્ટીવીટી તેમજ ટુ વે કનેક્ટીવીટી દ્વારા જીવંત પ્રસારણ તથા લાભાર્થીઓ સાથે સંવાદ/વાર્તાલાપ કરવામાં આવેલ છે. ગુજરાતમાં માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા તા.૯/૧૨/૨૩ ના રોજ ભરૂચ જિલ્લાના ભરૂચ તાલુકામાં શુક્લતીર્થ ગામના લાભાર્થીશ્રી અલ્પેશભાઇ નિઝામા સાથે માન.પ્રધાનમંત્રીશ્રીએ ટુ વે કનેક્ટીવીટી દ્વારા સીધો વાર્તાલાપ કરેલ જેમા તેઓએ અગાઉ કૃષિક્ષેત્રે લીધેલ

યોજનાકીય લાભ અને તે પછી તેમના જીવનમાં આવેલ પરિવર્તન વિશે ચર્ચા કરેલ અને તેઓના અનુભવથી બીજા ખેડુતોને લાભ મળે તેવી અપેક્ષા રાખેલ હતી.

❖ માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા સમગ્ર ભારતના વિવિધ રાજ્યના લાભાર્થીઓ સાથે ટુ વે કનેક્ટીવીટી દ્વારા સીધો વાર્તાલાપ કરેલ જેમા તેઓએ લાભાર્થીઓ દ્વારા લેવામાં આવેલ યોજનાકીય લાભ તથા તેના દ્વારા તેમના જીવનમાં આવેલ પરિવર્તન વિશે ચર્ચા કરેલ. માનનીય પ્રધાનમંત્રી શ્રી દ્વારા **તા.૩૦/૧૧/૨૦૨૩** ના રોજ ઝારખંડ, આંધ્રપ્રદેશ, ઓડ્ડિશા, ઉતરપ્રદેશ, અરૂણાચલપ્રદેશ તથા જમ્મુ કશ્મીરના લાભાર્થીઓ સાથે, **તા.૦૯/૧૨/૨૦૨૩** ના રોજ કર્ણાટક, ચંદીગઢ, જમ્મુ કશ્મીર, બિહાર તથા ગુજરાતના લાભાર્થીઓ સાથે, **તા.૧૬/૧૨/૨૦૨૩** ના રોજ મહારાષ્ટ્ર, આસામ, કેરાલા, હિમાચલપ્રદેશ તથા ઉતરપ્રદેશના લાભાર્થીઓ સાથે, **તા.૨૭/૧૨/૨૦૨૩**ના રોજ તમિલનાડુ, ઉતરાખંડ, મધ્યપ્રદેશ, ત્રીપુરા તથા રાજસ્થાનના લાભાર્થીઓ સાથે, **તા.૦૮/૦૧/૨૦૨૪**ના રોજ છતીસગઢ, આંધ્રપ્રદેશ, મિઝોરમ, પંજાબ તથા ઉતરપ્રદેશના લાભાર્થીઓ સાથે અને **તા.૧૮/૦૧/૨૦૨૪**ના રોજ તેલંગણા, રાજસ્થાન,

હરીયાણા, મેઘાલય તેમજ મહારાષ્ટ્રના લાભાર્થીઓ સાથે સીધો વાર્તાલાપ કરેલ હતો.

માન.અધ્યક્ષશ્રી..

❖ વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો સૌથી મોટો ઉદ્દેશ્ય એ છે કે કોઈપણ લાયક વ્યક્તિ કોઈપણ સરકારી યોજનાના લાભોથી વંચિત ન રહે. ક્યારેક જાગૃતિના અભાવે તો ક્યારેક અન્ય કારણોસર કેટલાક લોકો સરકારી યોજનાઓના લાભથી વંચિત રહી જાય છે.

❖ સતત કૃષિ પ્રવૃત્તિઓ અંતર્ગત ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી પર ચર્ચા, સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ, તેજસ્વી વિદ્યાર્થીઓ, સ્થાનિક કલાકારો, રમતવીરો, સફળ સ્ત્રીઓને પુરસ્કાર અને સમ્માન, 100% લેન્ડ ડિજીટલાઈઝેશન ધરાવતા ગામોની સિદ્ધિઓની સરાહના., આરોગ્ય મેળાના આયોજન દ્વારા આરોગ્ય તપાસ પણ કરવામાં આવેલ છે .

માન.અધ્યક્ષશ્રી..

❖ છેવાડાના આદિવાસી વિસ્તારોને ધ્યાનમાં રાખીને, સિકલ સેલ એનેમિયા મીશન, આદિવાસી બાળકો માટે છાત્રવૃત્તિ યોજનાઓ, વન અધિકાર

અધિનિયમ અંતર્ગત જંગલની જમીનોના હકકોના વિતરણ, સ્વ–સહાય જૂથોને આહ્વાન આપતી વન–ધન વિકાસ યોજના જેવી વિવિધ યોજનાઓ થકી આદિવાસી વિસ્તારના ઉત્થાનને પણ સંકલ્પ યાત્રા થકી પ્રાધાન્ય મળ્યું છે.

❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકારે મહિલા, યુવા, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ સૌને માટે નવિન તકોના સીમાડા ખોલ્યા છે. અનેક અવનવી યોજનાઓ દ્વારા વિવિધ સ્તર પર એમને ભાગીદાર બનાવ્યા છે અને કલ્યાણના માધ્યમ દ્વારા સર્વાંગી વિકાસની ગતિને વેગ પૂરો પાડયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની શાખા વૈશ્વિક સ્તરે અનેકગણી વધી છે.દેશ તેની વેશ્વિક જવાબદારીઓ ખુબ જ સફળતાપુર્વક નિભાવી વિશ્વ આખાને એક નવી આશાનું કિરણ દેખાડી રહયો છે. ભારતની વધતી શાખે વિદેશમાં વસતા ભારતીય નાગરિકોને ગૌરવ પ્રદાન કર્યું છે.

માન.અધ્યક્ષશ્રી..

❖ નવા ભારતના સંકલ્પે છેલ્લા નવ વર્ષોમાં ભારતની નિરંતર ચાલી આવતી વિવિધ સમસ્યાઓનો નિર્ણયાત્મક ઉકેલ શોધ્યો છે. અને એમાંથી દેશ સફળતાપૂર્વક બહાર

આવ્યો છે અને પ્રગતિ સાધી છે. દેશ તેની ક્ષમતાઓને વધારી ઐતિહાસિક સુધારો હાંસલ કર્યો છે.

❖ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ દરમિયાન જુદી જુદી કેન્દ્ર સરકારની યોજનાઓનો જેવી કે આયુષ્માન ભારત, પી એમ ઉજ્જવલા યોજના, પી એમ કિસાન સન્માન નિધી, કિસાન ક્રેડીટકાર્ડ યોજના, હર ઘર જલ જીવન મિશન, પી એમ જન ધન યોજના, સુરક્ષા વિમા યોજના, જીવન જ્યોતી વીમા યોજના, સ્વચ્છ ભારત મિશન, નેનો ફર્ટીલાઈઝર્સ ના છંટકાવ ની સમજ માટે ડ્રોન નિર્દેશન વિગેરે યોજનાઓનો લાભ લાભાર્થીઓને આપવામા આવી રહેલ છે.

## • આયુષ્માન ભારત:

આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતીય નાગરિકોને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા આપવામાં આવેલ ઉચ્ચ તકનીક આરોગ્ય સેવાઓના લાભ પ્રદાન કરવાનો છે. જેમાં રાજય સરકારના ૫ લાખ તથા કેન્દ્ર સરકારના ૫ લાખ એમ મળી કુલ ૧૦ લાખ સુધી મફત સારવાર પ્રદાન થાય છે. આયુષ્માન કાર્ડથી લાભાર્થીઓ સરકારી હોસ્પિટલોમાં મફત પેપરલેસ અને કેશલેસ સારવાર મેળવી શકે છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં કુલ **૩૧,૮૫,૧૫૦** લાભાર્થીઓને ઉક્ત યોજના અંતર્ગત આયુષ્માન કાર્ડ નું વિતરણ કરવામાં આવેલ છે.

- **પી એમ ઉજ્જ્વલા યોજના:**

કેન્દ્ર સરકારે અસુરક્ષીત ઇંધણનો ઉપયોગ કરતી ભારતની મહિલાઓને ઘરેલુ એલ.પી.જી ગેસ પુરો પાડ્યો છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં પી એમ ઉજ્જ્વલા યોજના હેઠળ કુલ **૮૩,૧૧૪** લાભાર્થીઓ નું રજીસ્ટ્રેશન કરવામાં આવેલ છે.

- **પી એમ કિશાન સન્માન નિધી**

ભારત સરકારશ્રી દ્વારા ખેડુતોની આવક વધારવાના ભાગરૂપે ખેતી કરતા ખેડુત કુટુંબને સહાયરૂપ થવા માટે પી એમ કિસાન સન્માન નિધી યોજના જાહેર કરવામાં આવેલ છે. ખેડૂત કુટુંબને ઉક્ત યોજના અન્વયે **રૂ.૬૦૦૦** સહાય મળવા પાત્ર છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં ઉપરોક્ત યોજના હેઠળ **૨,૧૫,૮૮૦** લાભાર્થીઓ ને લાભ અપાયેલ છે.

- **ક્રિશાન ક્રેડીટકાર્ડ યોજના:**

ક્રિશાન ક્રેડીટકાર્ડ એક વિશેષ યોજના છે જેમાં ખેડુતોને જરૂર હોય ત્યારે ક્રિશાન ક્રેડીટકાર્ડ થકી ટુંકા ગાળાની લોન લઈ શકે છે તેનો હેતુ ખેડુતો સશક્ત બને તે માટે લોનનો વિશ્વસનીય સ્ત્રોત પૂરો પાડવાનો છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં **૪૧,૨૭૯** ક્રિશાન ક્રેડીટકાર્ડ નો લાભાર્થીઓ ને લાભ મળેલ છે.

- **પી એમ જન ધન યોજના :**

જનધન યોજના હેઠળ જીરો બેલેન્સથી બેંક ખાતું ખોલી આપવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં કુલ **૧૦,૧૫૬** ગ્રામ પંચાયતો ખાતે ઉપરોક્ત યોજના અંતર્ગત સેચ્યુરેશન પ્રાપ્ત થયેલ છે.

- **સુરક્ષા વિમા યોજના:**

૧૮ થી ૭૦ વર્ષની વય જૂથના ભારતીય નાગરિકો આ વીમો ખરીદી શકે છે. પોલિસી અનુસાર, વીમો ખરીદનાર ગ્રાહકનું અકસ્માતમાં મૃત્યુ અથવા અપંગતાના કિસ્સામાં,

તેના આશ્રિતને 2 લાખ રૂપિયાની રકમ મળે છે. જો કે, જો વીમો ખરીદનાર વ્યક્તિ કાયમ માટે આંશિક રીતે અક્ષમ થઈ જાય, તો તેને 1 લાખ રૂપિયાની રકમ મળે છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં કુલ **૧,૭૨,૬૩૬** લાભાર્થીઓ એ ઉપરોક્ત યોજના હેઠળ લાભ લીધેલ છે.

- **જીવન જ્યોતી વીમા યોજના:**

જો કોઈ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના પોલિસી ધારકનું અકસ્માત, બીમારી વગેરેને કારણે મૃત્યુ થાય છે, તો પોલિસી ધારકના નોમિનીને 2 લાખ રૂપિયા સુધીનો વીમા દાવો મળે છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં કુલ **૧,૦૮,૧૪૯** લાભાર્થીઓ એ ઉપરોક્ત યોજના હેઠળ લાભ લીધેલ છે.

- **સ્વચ્છ ભારત મિશન:**

સ્વચ્છ ભારત મિશન યોજના (ગ્રામિણ)દ્વારા ગ્રામ્ય કક્ષાના પાત્રતા ધારાવતા લાભાર્થીઓને શૌચાલય બનાવવા માટે ઘરદીઠ રૂ. ૧૨૦૦૦ ની સહાય આપવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં કુલ **૧૩,૮૫૯** ગ્રામ પંચાયતો "ખુલ્લામાં શૌચ મુક્ત" જાહેર થયેલ છે

- **ઓડીએફ પ્લસ મૉડેલ વિલેજ:**

જ્યારે કોઈ ગામ એવી સ્થિતિ પ્રાપ્ત કરે છે કે જ્યાં તે ઘન અને પ્રવાહી કચરો વ્યવસ્થાપન અને પર્યાપ્ત સ્વચ્છતા જાગૃતિ પ્રવૃત્તિઓ સિવાય ન્યૂનતમ કચરા અને અન્ય રીતે સ્વચ્છ હોય, ત્યારે તેને ODF પ્લસ મોડલ તરીકે જાહેર કરવામાં આવે છે

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધીમા ગુજરાતમાં કુલ **૩૭૨૩** ગ્રામ પંચાયતો **"ઓડીએફ પ્લસ મૉડેલ વિલેજ"** જાહેર થયેલ છે

- **મેરી કહાની મેરી જુબાની:**

મેરી કહાની મેરી જુબાની અંતર્ગત લાભાર્થીઓ એ જે તે યોજના અંતર્ગત મેળવેલ લાભ અંગે પોતાના પ્રતિભાવો આપી રહેલ છે

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં **કુલ મેરી કહાની મેરી જુબાની** અંતર્ગત **૮૦,૫૦૮** લાભાર્થીઓ દ્વારા પોતાના અનુભવો વ્યક્ત કરેલ છે.

- **સતત કૃષિ પ્રોગ્રામ:**

સતત કૃષિ પ્રોગ્રામ હેઠળ અત્યાર સુધીમાં **૧૩,૫૫૦** ગ્રામ પંચાયતમાં ખેડુતો ને આધુનિક ટેકનોલોજી થી ઉજાગર કરવા તથા નેનો ફર્ટીલાઈઝર્સ ના છંટકાવ ની સમજ માટે ડ્રોન નિર્દેશન કરવામા આવેલ છે, તેમજ ખેતી વિષયક પરીક્ષણ માટે સોઈલ હેલ્થ કાર્ડ નું પણ નિર્દેશન કરવામાં આવી રહેલ છે ,

આ કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી ગુજરાતમાં **૧૨,૫૪૮** ગ્રામ પંચાયતમા સોઈલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામા આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી..

❖ આ કાર્યક્રમને સફળ બનાવવા સમગ્ર રાજ્યનું વહીવટી તંત્ર અને રાજ્યકક્ષા, તાલુકાકક્ષા અને ગ્રામ્યકક્ષાનાં અધિકારીશ્રીઓ/પદાધિકારીશ્રીઓ દ્વારા એકબીજાનાં સંકલનમાં કામગીરી કરવામાં આવેલ છે.

❖ વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં રાજ્ય સરકારનાં માન.મંત્રીશ્રીઓ, માન.સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પ્રભારી સચિવશ્રીઓ, વિવિધ

પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓએ જુદા–જુદા જિલ્લાઓમાં હાજર રહેલ હતા.

માન.અધ્યક્ષશ્રી..

❖ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત માનનીય કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહ દ્વારા તા. ૦૧/૧૨/૨૩ ના રોજ ગિરસોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ચાંડુવાવ ખાતે તથા તા. ૧૬/૧૨/૨૩ ના રોજ અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકા ના ચાંગોદર ગામે મુલાકાત લીધેલ હતી. તા.૯/૧૨/૨૩ ના રોજ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે તેમજ તા.૧૦/૧૨/૨૩ના રોજ મહેસાણા જિલ્લા ના વિસનગર તાલુકા ના સદુથલા ગામે મુલાકાત કરેલ હતી

❖ તા.૮/૧/૨૪ દરમિયાન ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની પુંધરા ગ્રામ પંચાયત ખાતે માનનીય મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ના અધ્યક્ષ સ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ યોજાયેલ હતો .

માન.અધ્યક્ષશ્રી..

❖ આ યોજનાનો બહોળો પ્રચાર–પ્રસાર છેવાડાનાં ગામ સુધી થઈ શકે તે માટે વહીવટી તંત્ર તથા ઈલેક્ટ્રોનિક્સ પ્રિન્ટ મિડિયા મારફત કાર્યવાહી કરવામાં આવેલ છે .

❖ આ કાર્યક્રમ થકી કેન્દ્ર અને રાજ્ય સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે રાજ્યનું સમગ્ર વહીવટી તંત્ર સતત પ્રયત્નશીલ રહ્યુ છે, આ માટે પ્રચાર–પ્રસાર, પાત્રતા ધરાવતાં લાભાર્થીઓની નોંધણી કરવી અને જુદી–જુદી યોજનાઓ થકી જનતાની આર્થિક અને સામાજિક પ્રગતિને ઉજાગર કરવાની  કામગીરી કરવામાં આવેલ છે. સાથો સાથ આ કલ્યાણકારી યોજનાઓ હેઠળ મળવાપાત્ર સહાયનું વિતરણ પણ કરવામાં આવેલ છે.

❖ વધુમાં, ગ્રામ્ય કક્ષાએ ગ્રામજનો દ્વારા પણ જનજાગૃતિનાં કાર્યક્રમો, સામુદાયિક પ્રવુત્તિઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવેલ છે. તથા ગ્રામ પંચાયત કક્ષાએ એલ.ઈ.ડી સ્ક્રીન વાળી મોબાઈલ વાન મારફત સરકારશ્રીની જુદી–જુદી યોજનાઓની માહિતી, સક્સેસ સ્ટોરી વગેરે મારફત લોક જાગૃતિનાં કાર્યક્રમો કરવામાં આવેલ છે.

- ❖ વિકસિત ભારત સંકલ્પ યાત્રા–૨૦૨૩ તા.૨૫/૦૧/૨૦૨૪ સુધીમાં કુલ **૧૪,૬૧૯** ગ્રામ પંચાયત સુધી પહોંચી કાર્યક્રમ પુર્ણ કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી..

આ વિકસીત ભારત યાત્રાની હેઠળ થયેલ સિદ્દિઘઓની અંગેની વિગતો જણાવુ તો.. આ વિકસીત ભારત સંકલ્પ યાત્રામાં ૬૨.૫૬ લાખ જેવી જન મેદનીએ ભાગ લીધેલ છે. જે પૈકી ૬૦.૯૫ લાખ લોકો દ્વારા વિકસીત ભારત અને આત્મનિર્ભર ભારત બનાવવા તથા સાંસ્કૃતિક વારસાની ઉજવણી કરવા તથા દેશની રક્ષા કરનારાઓને સન્માન આપવા અંગેના સંકલ્પ લેવામાં આવેલ છે.

આ સંકલ્પ યાત્રા દરમ્યાન આવી તો અનેક પ્રવૃત્તિઓ દ્વારા ગામે–ગામમાં જાગૃતિ ઉભી કરવાનો સતત પ્રયાસ કરવામાં આવ્યો જેથી વધુને વધુ લોકો આગળ આવે અને પોતાના અધિકારો, અને લાભ વિશે માહિતગાર થાય...

આ પ્રયાસોની ઉપલબ્ધિ રૂપે જ સંકલ્પ યાત્રામાં લોકોની અભૂતપૂર્વ હિસ્સેદારી નોંધાઈ અને સરકારના પ્રયાસોને જનતા દ્વારા સતત સ્વાગત, સમ્માન અને અતિશય ઉમળકાથી વધાવવામાં આવ્યા.

રાજ્યના ટ્રાઈબલ જિલ્લાના ગામોમાં વસ્તીના પ્રમાણમાં સારી સંખ્યામાં લોકોએ કાર્યક્રમમાં ભાગ લીધો. તેમ છતા, જાણકારીના અભાવે સરકારની યોજનાનો લાભ તમામ લોકો સુધી પહોચવામાં બાકી ન રહી જાય તેવા શુભ આશયથી ભારત સરકારશ્રીની સુચના અનુસાર હાજરીનો માપદંડ નક્કી કરી અગાઉ યોજાયેલ કાર્યક્રમમાં અંદાજીત ૨૫૦ કરતા ઓછી સંખ્યા ધરાવતા ગુજરાત રાજ્યના કુલ ૦૮ ટ્રાઈબલ જિલ્લાની ૪૬૩ જેટલી ગ્રામ પંચાયતોમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમ તા.૦૭/૦૨/૨૦૨૪ થી પુન: શરૂ કરવામાં આવેલ છે અને આ કાર્યક્રમ માટે સરકાર દ્વારા કુલ ૧૭ વેન ની ફાળવણી કરવામાં આવેલ છે.

માન.અધ્યક્ષશ્રી..

વિકસિત ભારત સંકલ્પ યાત્રા ફેઝ ૨ માં બનાસકાંઠા, ભરૂચ, છોટાઉદેપુર, દાહોદ, ડાંગ, નર્મદા, સુરત અને વલસાડ એમ ૮ જિલ્લાના ૨૭ તાલુકાના ૪૬૩ ગામોમાં ૧૭ વેન થકી કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ વંચીતો સુધી પહોચાડવાનો પ્રયત્ન હાથ ધરવામાં આવ્યો છે.

આજે સમગ્ર ભારત અને પ્રત્યેક ભારતીય નાગરિક આત્મવિશ્વાસથી પરિપુર્ણ છે. નવા ભારતના ઉદયની સાથે આત્મનિર્ભર ભારતમાં એક નવિ ઉર્જાનો સંચાર થયેલો જોવા મળે છે.ભારત દેશની સ્વતંત્રતાના ૭૫ વર્ષમાં એકમાત્ર રાજકીય

પક્ષ ભારતીય જનતા પાર્ટી જેણે ભારતની લોકશાહીને વધુ સુદ્રઢ બનાવી,અતીતના ગૌરવને પુન: જાગૃત કર્યું.દેશના શાસનને પારદર્શી બનાવ્યું, સકારાત્મક રાજનીતિને સમર્થન આપ્યું. અને દેશને સંગઠિત કરી વિકાસના પંથે અગ્રેસર કર્યો.

**આ વિજય છે વિશ્વાસનો...**

**આ વિજય છે પરિણામલક્ષી અને પ્રગતિલક્ષી નેતૃત્વનો...**

**કારણ કે જ્યાં સાચો સંકલ્પ છે... ત્યાં સફળતા નિશ્ચિત છે!**

**વિકસિત ભારત સંકલ્પ યાત્રા...**

**સંકલ્પ થયો સફળ.... હવે પ્રગતિમાં નથી કોઈ અડચણ,**

**વિશ્વાસ થકી વિકાસની વણથંભી સફર!**

**અડગ છે નિર્ધાર, કરીશું સંકલ્પ સાકાર,**

**વિકસિત ભારતના સ્વપ્નને મળશે સફળતાનો આધાર!**

માન.અધ્યક્ષશ્રી..

૨૦૨૪ માં **‘મોદી ગેરંટી’**ના વિશ્વાસે પ્રજા એનાથી પણ મોટા આશીર્વાદ આપશે એવો મને વિશ્વાસ છે. માનનીય નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં રાષ્ટ્ર આત્મવિશ્વાસથી છલોછલ પોતાના વિરાટ સપનાઓને આંબવા ડગ માંડી ચુંક્યો છે. પુન:વિજયના સંકલ્પ સાથે ‘માં ભારતી’ના કલ્યાણ અર્થે,

આપણે વિકસીત ગુજરાત થકી વિકસીત ભારતના નિર્માણ અર્થે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીએ એ જ આ સભાગૃહને મારુ આહવાન છે.

**જય ભારત...... જય જય ગરવી ગુજરાત....**